

Be Smart In
CCC
& CCC+
લેખક: સુખદેવ એન. હિંગુ
(M.A. With English, B.ed.)
Microsoft Office
અંગ્રેજી શિક્ષક, શ્રી સારવદર પ્રા. શાળા.
તા. ઘોઘા. જી. ભાવનગર.
Download Now:- www.snhingu.blogspot.in

# Computer Fundamental(કોમ્પ્યુટર ફંડામેન્ટલ)

## (1) કોમ્પ્યુટર (Computer) એટલે શું ?

કોમ્પ્યુટર એ ખુબ જ ઝડપી કાર્ય કરતું ઇલેક્ટ્રોનીક સાધન છે. જેમા સર્વ પ્રથમ માહિતીનું Input (ઇનપુટ) થાય છે. તેના પર યોગ્ય (Process) પ્રોસેસ થાય છે અને ત્યાર બાદ યોગ્ય Output (આઉટપુટ) આપતું સાધન છે. આમ કોમ્પ્યુટર એવી સંરચના કે જેમા મુખ્ય ત્રણ કાર્ય થાય છે.1.Input 2.Process 3.Output.

## (2) કોમ્પ્યુટર નો સિદ્ધાંત જણાવો.

Input→Process→Output

(ઈનપુટ →પ્રોસેસ→આઉટપુટ)

દાખલ →પ્રકિયા→જવાબ

ઉપરના સિદ્ધાત મુજબ કોઇ પણ કોમ્પ્યુટર એ સૌ પ્રથમ કોઇ પણ માહિતી દાખલ કરવાનું કહે છે.ત્યાર બાદ તે જાતે વિચારીને યોગ્ય પ્રકિયા કરે છે અને અંતે સાચો જવાબ આપે છે.

## (3) Input એટલે શું ? Input Devices એટલે શું?

કોમ્પ્યુટરમાં જે માહિતી દાખલ કરીએ તેને Input કહે છે અને જે સાધનની મદદથી દાખલ કરીએ તેને Input Devices(ડિવાઇસ) કહે છે દા.ત. 1. Mouse (માઉસ) 2. Scanner (સ્કેનર) 3. Keyboard (કી-બોર્ડ) 4. Panch card (પંચ કાર્ડ)

## (4) Process એટલે શું? Process કરવાના સાધનના નામ જણાવો

Proccess એટલ પ્રકિયા. Proccess એટલે કોમ્પ્યુટર Input કરેલી માહીતી પર જે પ્રકિયા કરે છે તેને Process કહે છે છ. C.P. U એ Process કરવા માટેનું કેન્દ્ર છે.

## (5) Output એટલે શુ? Output ના સાધનના નામ જણાવો.

યોગ્યતા મુજબ જવાબ આપવો તેને Output કહેવાય આમ જે સાધન વડે કોમ્પ્યુટર જવાબ (રીઝલ્ટ) આપે છે. તેને Output **Devices** કહેવાય છે. તેના ઉદાહરણ 1. Monitor (મોનિટર) 2.Printer (પ્રિન્ટર) 3.Plotter(પ્લોટર) 4.Speaker (સ્પિકર)

## * Input Devices:

કોમ્પ્યુટરમાં જે માહિતી દાખલ કરીએ તેને Input કહે છે અને જે સાધનની મદદથી દાખલ કરીએ તેને Devices કહે છે દા.ત., Keyboard, Mouse વગેરે

## Keyboard:→

Keyboard એ Input Devices છે. Keyboard ની મદદથી કોમ્પ્યુટરમાં માહિતી કે સૂચનાઓ દાખલ કરી શકાય છે. તેના વિભાગો છે

- Function key :→ ફંકશન કી :→ એટલે F1,F2 F3........F12
- Alphabetical key :→ આલ્ફાબેટીકલ કી :→ એટલે A થી Z સુધી કી...
- Numberic keys :→ નંબરેક કી :→એટલે 0 થી 9 સુધી કી...

- **Special keys :→**

| | | |
|---|---|---|
| 1. Enter key | :→ એન્ટર કી | :→ બીજી લાઇનમાં જ જવા માટે અને OK આપવા માટે. |
| 2. Space bar key | :→ સ્પેસ બાર | :→ શબ્દ વચ્ચે જગ્યા રાખવા. |
| 3. Caps locks key | :→ કેપ્સલોક | :→ કેપીટલ કરવા માટે. |
| 4. Shift key | :→ શિફ્ટ કી | :→ એક અક્ષર બદલવા. |
| 5. Ctrl | :→ કંટ્રોલ | :→ જુદા જુદા પ્રોગ્રામ્સમાં. |
| 6. Alt | :→ અલ્ટર | :→ જુદા જુદા પ્રોગ્રામ્સમાં. |
| 7. Back space key | :→ બેક સ્પેસ કી | :→ ભુસવાં માટે. |
| 8. Tab | :→ ટેબ | :→ પાંચ શબ્દો જેટલી જગ્યા રાખવી. |
| 9. Arrcw | :→ એરો | :→ ચાર એરા આવેલા હોય છે. |
| • Up(અપ) | :→ {↑} | :→ આ તીરથી કર્સર ઉપર લઈ જવાય છે. |
| • Right(રાઇટ) | :→ {→} | :→ આ તીરથી કર્સર જમણી તરફ લઈ જવાય છે. |
| • Down(ડાઉન) | :→{↓} | :→ આ તીરથી કર્સર નીચે લઈ જવાય છે. |
| • Left (લેફ્ટ) | :→ {←} | :→ આ તીરથી કર્સર ડાબી તરફ લઈ જવાય છે. |
| 10. Esc | :→ સ્કેપ | :→Cancel આપવા. |

## 2. Mouse

Mouse એ Input છે. સ્ક્રિન પર તીરની નિશાની Mouse ની છે અને તેને Pointer કહે છે.તેનાથી ઝડપથી કોઈ પણ પ્રોગ્રામમાં કાર્ય કરી શકાય છે.Mouse ની નીચે ગરગડી હોય છે.જે ફરતા Pointer ફરે છે.Mouse માં Click બે રીતે થાય છે. ૧. Right Click (રાઇટ ક્લીક) અને ૨.Left Click (લેફ્ટ ક્લીક)

## 3 C.P.U.

C.P.U. નું પુરુ નામ Central Processing Unit (સેન્ટલ પ્રોસેસીગ યુનિટ) કહે છે. તેને કોમ્પ્યુટરનુ મગજ કહેવાય છે. તે બધી પ્રકિયાનુ યુનિટ એકમ છે.તે જુદા જુદા કાર્યો કરે છે.

1. Key board દ્વારા આવતી માહિતી પર પ્રકિયા કરે છે.
2. તેની Memory મા સાચવી રાખે છે.
3. તેને Monitor પર દર્શાવે છે.
4. Print પણ કરી શકે છે.

સામાન્ય રીતે C. P.U શેનું બનેલું હોય છે.

| | |
|---|---|
| 1. Processor | (પ્રોસેસર) |
| 2. Hard disk | (હાર્ડ ડિસ્ક) |
| 3. Floppy disk | (ફ્લોપી ડિસ્ક) |
| 4. Mother board | (મધર બોર્ડ) |
| 5. C.D. Rom-Writer | (સી.ડી.રોમ-રાઇટર) |
| 6. Memory | (મેમરી) |

1.Processor(પ્રોસેસર):→ એ C.P.U.ની પ્રકીયા ઝડપ બતાડે છે.તેની જુદી જુદી ક્ષમતાઓ છે.ઉદા.. (Celeron-500MHZ, Celeron-2.53GHZ, P1-1.1GHZ, P2-2.06GHz, P4-2.66GHZ)

2. Hard disk(હાર્ડ ડિસ્ક):→ એ કોમ્પ્યુટરના C.P.U. ની અંદર જ સ્થીર રહે છે. તે સંગ્રહ કરવાનુ કાર્ય કરે છે.



S.N.Hingu

તેની જુદી જુદી સંગ્રહશક્તિ હોય છે. ઉદા...(80MB, 1.2GB, 10GB, 20GB, 40GB, 80GB)

3.Floppy disk(ફલોપી ડિસ્ક):→ હાર્ડ ડિસ્કની જેમ ફલોપી ડિસ્ક એ સંગ્રહ કરવાનુ કાર્ય કરે છે. પરંતુ તે એક સ્થળેથી બીજા સ્થળે લઇ જઇ શકાય છે. આથી ફલોપીમાં ફાઇલ લઇને બીજાના કોમ્પ્યુટરમાં કામ કરી શકીયે છીએ.

4.Mother board(મધર બોર્ડ):→એ બધા હાર્ડવેરના કેબલનું જોડાણ છે.

5.C.D. Rom-Writer(સી.ડી.રોમ-રાઇટર):→ CD જોવાનું ડ્રાઇવ.Writer એ CD બનાવા માટે ઉપયોગી છે.

6.Memory(મેમરી): → મેમરી બે પ્રકારની હોય છે. (1) Internal (ઈન્ટરનલ) (2) External એક્સ્ટર્નલ મેમરી આ બે મેમરીને જૂદી જૂદી બે મેમરી છે.

(1) Internal → 1. RAM 2. ROM

(2) External →2. Floppy 2.Hard Disk

(1) Ram (રેમ)

Ram નું પુરુ નામ Randon Access Memory (રેનડમ એસેસ મેમરી છે.) તે એવા પ્રકારની Memory છે કે જેમા ફેરફાર કરી શકાય છે અને બિનજરૂરી માહિતી દૂર કરી શકાય છે. આમાં રહેલી માહિતી Computer ને Swifch off (સ્વીચ ઓફ) બંધ કરવાથી નષ્ટ થઇ જાય છે.

(2) Rom

Romનું પુરુ નામ Read Only Memory (રિડ ઓન્લી મેમરી) આ Memory માત્ર વાંચવા માટે જ હોય છે.તેમા લખી કે ફેરફાર કરી શકાય નહિ. આમ, આ મેમરીમાં માહિતી હોય તે Fix હોય છે.

## Monitor

કોમ્પ્યુટર થતી કોઇ પણ પ્રકિયાનો જવાબ જોવા માટે Monitor નો ઉપયોગ થાય છે. તેથી તેને output Device કહે છે. Monitor T.V. ના Screen જેવુ હોય તેને V.D.U( Visual Display Unit) વિઝ્યુઅલ ડિસ્પ્લે યુનિટ કહે છે. તે Colour અથવા Black White માં પણ હોય શકે છે.મોનીટર ઉપર જે સ્કિન જોઇ શકાય છે.તે Printer દ્વારા બહાર કાઢી શકાય છે. Monitor ઉપર દેખાતા કાગળને Softcopy (સોફ્ટ કોપી) અને Printer દ્વારા મળતી કોપીને Hard Copy (હાર્ડ કોપી) તરીકે ઓળખાય છે.

## ➢ Printer

પ્રિન્ટર એટલે કાગળ પર છાપવા માટેનું સાધન. પ્રિન્ટરો જુદા જુદા હોય છે.

ઉદાહરણ. 1. Dot-Matrix Printer (ડોટ-મેટ્રિક્ષ)
2. In-jet Printer (ઇન્જેટ)
3. Lazer Printer (લેઝર)

## ➢ Hard ware(હાર્ડ વેર) એટલે શું ?

હાર્ડ એટલે સ્પર્શી શકાય કે રિપેરીંગ કરી શકાય કે અડી શકાય તેવુ. Hard ware એટલે કમ્પ્યુટર ના જે જે સાધનોને સ્પર્શી શકાય કે રિપેરીંગ કરી શકાય કે અડી શકાય તે સાધનો. Mouse(માઉસ), Scanner(સ્કેનર), Keyboard (કી-બોર્ડ),Panch card(પંચ કાર્ડ), Monitor (મોનિટર),Printer(પ્રિન્ટર),Plotter(પ્લોટર), Speaker (સ્પિકર)...

## ➢ Soft ware(સોફ્ટવેર) એટલે શું ?

સોફ્ટ એટલે ન અડી શકાય તેવુ. Soft wareએટલે કોમ્પ્યુટરની અંદર આવેલા કેટલાક સાધનો કે જે અડી ન શકાય અને સ્પર્શી પણ ન શકાય તે. દા.ત (1) CD ની અંદર રહેલી ફિલ્મ (2) Windows, word, MS, Office જેવા પ્રોગ્રામ..


## ➢ Language of Computer (લેંગ્વેજ ઓફ કોમ્પ્યુટર)

લેગ્વેજ ઓફ કોમ્પ્યુટર એટલે કોમ્પ્યુટરની ભાષા. જેમ આપણી ભાષા ગુજરાતી છે તેમ Computer ને પણ ભાષા હોય છે. કોમ્પ્યુટર ની મુખ્ય ભાષા Binary (બાઈનરી) છે. જેવી રીતે ગુજરાતમા 34 અક્ષર કકકો છે તેવી રીતે કોમ્પ્યુટર ના મુળાક્ષરો બે છે. (A) 1 (B) 0. 0ને off અને 1ને on તરીકે કોમ્પ્યુટર સમજે છે 0 અને 1ને Bit (બીટ) કહેવાય છે. આવા 8 Bit ભેગા થાય ત્યારે 1 Byte (બાઈટ) થાય છે 1 Byte એટલે 1 અક્ષર.

નીચેનુ વર્ગીકરણ જુઓ.

- 8 Bit = 1 Byte
- 1 Byte = 1 Character (કરેકટર)
- 1024 Byte = 1 KB
- બે વાર 1024 Byte = 1 MB
- ત્રણ વાર 1024 Byte = 1 GB
- MB = Mega Byte
- GB = Giga Byte

* * *



-----------------------------------------------------------------------------------------------------------

**સંપર્ક**

**શ્રી સુખદેવ હિંગુ** English Teacher (**M.A, B.Ed. With English )**

શ્રી સારવદર પ્રાથમિક શાળા, તાલુકો: ઘોઘા, જીલ્લો:ભાવનગર

**URL:** www.snhingu.blogspot.in **e-Mail:** snhingu@gmail.com

**89 05 85 84 84** **આ વોટસેપ નંબર S.N.Hingu. લખીને સેવ કરો.** ત્યાર બાદ તમારું નામ લખીને S.M.S. સેન્ડ કરો. અમે રોજ એજ્યુકેશનને લગતા વિડિયો, ઓડિયો, અને પી.ડી.એફ. ફાઈલો, એપ્સ આપના એકાઉન્ટમાં મોકલી આપશું.




-----------------------------------------------------------------------------------------------------------

S.N.Hingu